

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

છાપાં-રેડિયો-ટીવીમાં 'ચેપ'નાં સૂત્રો દેવાઈ ગયાં
ઘર-ઘર, ગલી-ગલી, કોરોના ગીત ગવાઈ ગયાં
ખવાઈ ગયાં, દવા-ટિકડીઓને કડવા ઉકાળા -
ચેપની જેમ શ્રી મોદી પણ વિશ્વમાં છવાઈ ગયા...

### હાઈકુ

બાંધી મુમતી -
અકળાવ્યું ભ્રમણ -
ને રાખ્યું નાક...

કાપ્યો સંબંધ -
સ્થાપ્યો જિંદગી સાથે
કાયમી નાતો...

### ચિંતન

*દ્વૌ ઈમ પુરુષૌ લૌકે, સૂર્યમંડળ ભેદિનૌ ।*
*પરિવ્રાડ યોગયુક્ત ચ, રણે ચાભિમુખો હતઃ ॥*

ઉપરોક્ત શ્લોક હિતોપદેશમાંથી લેવામાં આવેલ છે.

આ શ્લોકમાં બે વ્યક્તિત્વની પ્રશંસા કરવામાં આવી છે. એક યોગી, સાધુ પુરુષ અને બીજો શૂરવીર.

આ લોકમાં બે પુરુષો જ પ્રબળ જણાય છે. એક સંત-સાધુ યોગી મહાત્મા અને બીજો વીર પુરુષ યોદ્ધો. એમનું તેજસ્વી બળ સૂર્યમંદિરને ભેદી પણ વિશ્વમાં વ્યાપ્ત થાય છે.

જે શૂરવીર છે, બળવાન અને તાકાતવાન યોદ્ધો છે. તે માત્ર પોતાને માટે ન લડતા પોતાની શક્તિનો ઉપયોગ રાષ્ટ્ર અને જનકલ્યાણ માટે કરે છે. આવા પ્રાણની પરવા કર્યા વિના ઝઝૂમનાર યોદ્ધા શહીદી વહોરે છે. પણ એમના ચારિત્ર્યની સુવાસ છોડતા જાય છે.

એવી જ રીતે યોગી યોગ સાધના દ્વારા શરીરને સુદૃઢ કરી આત્મોદ્ધાર માટે લોકોને માર્ગદર્શન આપે છે. આરોગ્ય અને તંદુરસ્તી સાથે ઈશ્વરની આરાધના એનું લક્ષ્ય છે. આજકાલ સ્વામી રામદેવ આવું જ કંઈ કરી લોકોને યોગ તરફ વાળી રહ્યા છે.

### સુવિચાર

- પસંદ ઉસે કીજિયે જો આપ મેં પરિવર્તન લાયે,
  વર્ના પ્રભાવિત તો મદારી ભી કર લેતા હૈ - **રવિશકુમાર(પત્રકાર)**
- મનમાં જો આસક્તિ છે તો સમગ્ર વિશ્વ પરિગ્રહ રુપ છે,
  મન જો આસક્તિ છે તો સમગ્ર વિશ્વ અપરિગ્રહરુપ છે - **બોધિવૃક્ષ**
- ધર્મ એટલે ધ્યેય પ્રાપ્ત કરવાની સાધના - **ડો. નીરુબહેન અમીન**
- વસ્તુ દુઃખ નથી દેતી, અજ્ઞાનતા દુઃખ દે છે - **આપ્તસૂત્ર**
- ભોગલાલસામાં રમતા જીવો સંસારમાં ભમે છે...
  યોગ સાધનામાં રમતાં જીવો સંસારમાં તરે છે - **આચાર્ય વિશ્વરાજરત્નસૂરિ**
- કંઈ પણ ઈચ્છાએ ભીખ છે, નિરીચ્છક હોય તે 'જ્ઞાની' કહેવાય - **આપ્તસૂત્ર**
- આજનું ઔષધ : કબજિયાતમાં કેળા બાફીને ખાવાથી પેટ સાફ આવે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક અમીર માણસ સુખની શોધમાં ફરતો હતો. કોઈકે સલાહ આપી કે વૈરાગ્યમાં સુખ છે. એ અમીરે પોતાની પાસે હતી તે રોકડ, સોનુ, ચાંદી, વગેરેની એક થેલી બનાવી. એક સંત પાસે પહોંચ્યો. સંતને કહ્યું, 'આપ આ થેલી રાખો...' સંતે થેલી ખોલીને જોઈ અને અમીર કંઈ બોલે તે પહોલા થેલી લઈ ને સંત ભાગ્યા... અમીર હાથ ઘસતો રહી ગયો. તેને થયું... અરરર... !!! આ તો સંત હતા કે ઢોંગી... મારી જિંદગીની તમામ કમાણી આ રીતે કોઈ કપટી લઈ જશે એનો મને ખ્યાલ જ ન હતો. હું જ મૂરખો છું...!!! અમીરે સંત પાછળ દોટ મૂકી... સાધુએ અડધો કલાક સુધી અમીરને આમતેમ દોડાવ્યો અને પછી સંત એમની ઝૂંપડી પર આવ્યા. પેલો અમીર પણ હાંફતો હાંફતો તેમની પાસે આવ્યો. ત્યારે સંતે અમીરને કહ્યું, 'કેમ ભાઈ !! તને એમ હતું ને કે તારું આ ધન લઈને હું ભાગી જઈશ ? લે આ તારી થેલી... મારા માટે તો સોનુ-ચાંદી અને માટી બેય એક સમાન છે.' અમીરને હાશ થઈ! કે હાથ મારી થેલી મને મળી ગઈ. ત્યારે સંતે કહ્યું, 'આ જ સુખ છે. અને આને જ શાંતિ કહેવાય. અહીં આવતા પહેલા તારી પાસે આ જ થેલી હતી છતાં તેનો આનંદ તને ન હતો. અત્યારે પણ એ જ થેલી છે છતાં ખુશી છે, સુખ લાગે છે. વિચારી જુઓ કે આ સુખ ક્યાંથી આવ્યું ? તારી આ સંપત્તિની થેલીમાંથી જ ને ?? સુખ આપણી પાસે જ છે. એ મટે ભટકવાનું ન હોય. સુખ ખોઈની પાસેથી મેળવવાની ચીજ નથી એ તો સ્વયં પામવાની વસ્તુ છે.'

# સૌનો સાથ, સૌનો વિશ્વાસ

**તંત્રીસ્થાનેથી...**

લોકડાઉન-૩નો તબક્કો આપણી રાહ જોઈ રહ્યો છે. મોદી અને કેન્દ્ર સરકારમાં પ્રખર ટીકાકાર મમતા બેનરજીના પશ્ચિમ બંગાળમાં અન્ય રાજયોની સરખામણીએ ઘણા ઓછા કોરોના પોઝિટિવ કેસ અને મરણાંક હોવા છતાં એમને ૨૧ મે સુધી લોકડાઉન લંબાવવાની ભલામણ કરી છે. અન્ય પાંચ રાજયોના મુખ્યમંત્રીઓએ પણ લોકડાઉન લંબાવવું જરૂરી હોવાનો અભિપ્રાય આપ્યો છે. આખરે પ્રશ્ન જીવનનો છે, આર્થિક ઉપાર્જન તો પછી પણ થઈ શકશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શરુમાં એ જ અભિગમ અપનાવ્યો હતો અને જાણીતી ઉર્દૂ કહેવત ટાંકી હતી : જાન હૈ તો જહાન હૈ. જાન બચાવવાની મથામણમાં સરકાર જેટલી જ પ્રજાએ જાગૃતિ દાખવવી જરૂરી છે. ભારતીય જનમાનસ ઉતાવળિયું છે. એટલે મહાનગરોમાં જેવો કરફ્યૂ છૂટ્યો અને કેટલીક દુકાનો ઉઘાડવાની મંજૂરી મળી કે તરત 'સોશિયલ ડિસ્ટંસિંગ'નો મંત્ર ભૂલી લોકો પડાપડી કરતા બહાર આવી ગયા. આખરે ખુદ વેપારીઓએ જ સરકાર - મ્યુનિસિપલ કમિશનર સાથે ચર્ચા કરી એ નિર્ણય પાછો ખેંચાવી લીધો હતો. આમેય 'હોટ સ્પોટ' તરીકે કલસ્ટર થયેલા વિસ્તારોમાં તો દુકાનો ખોલવાની છૂટ અપાઈ જ ન હતી. અમદાવાદ, સુરત અને વડોદરા તથા રાજકોટમાં કોરોના કંટ્રોલમાં આવતા વાર લાગશે એટલે ત્રીજી મેના દિવસે વડાપ્રધાને તો રાજયોને યોગ્ય લાગે તે નિર્ણય કરવાની છૂટ આપી હોવા છતાં આવા રેડ ઝન લોકડાઉનમાં જ રહેશે. કસોટી સરકાર ઉપરાંત પ્રજાકીય પ્રતિનિધિઓની અને સવિશેષ ખુદ પ્રજાની છે. બધાને ખબર છે કે આર્થિક રીતે દેશ પાયમાલ થઈ રહ્યો છે. 'જાન ભી હૈ ઔર જહાન ભી હૈ' વાળી નીતિ અપનાવવાથી જો કર્યાકરાવ્યા પર પાણી ફરી વળવાનું હોય તો આટલા લાંબા સમયના તપ અને ત્યાગનો કશો જ અર્થ નહીં રહે. દેશમાં કોરોના સંક્રમણની ગતિ ધીમી પડી છે એ જરૂર શુભ સંકેત છે. પરંતુ અન્ય દેશોની સરખામણીમાં આપણે ત્યાં ટેસ્ટિંગનું પ્રમાણ ગણું ઓછું છે. શ્રીલંકા એ પાકિસ્તાન પણ ટેસ્ટિંગમાં ભારતથી આગળ હોય તો આ બાબતે આપણી સરકારે શરમ અનુભવવી જોઈએ. તમામ નાની મોટી ચીજવસ્તુઓ ચીનથી આયાત કરવાની ટેવ મુજબ પીપીઈ કીટ્સ પણ ચીન પાસેથી મેળવવી પડે તે કેવી વિડંબના છે ! સબસ્ટાન્ડર્જ પીપીઈ કીટ્સને કારણે ચેપ વધુ ફેલાઈ શકે છે. આખરે ચીનને આપેલો ઓર્ડર રદ કરીને સરકારે શાણપણ દાખવ્યું છે. પ્રચંડ આર્થિક નુકશાન સામે કેન્દ્ર સરકારે કર્મચારીઓના મોંઘવારી ભથ્થા અને બેન્કોમાં લોકોએ બચાવીને મૂકેલી મરણમૂડી જેવી એફડી પર કાતર ચલાવી છે. વિપક્ષ આ મુદ્દે સાચી વાત કરી રહેલ છે. દિલ્હીની પાર્લામેન્ટનું નવું બિલ્ડિંગ બનાવવાનો સેન્ટ્રલ વિસ્ટા બ્યુટીફિકેશન પ્લાન કે બુલેટ ટ્રેન જેવી લકઝુરિયસ યોજના બંધ રાખી એ નાણાંનો બચાવ કરી શકાય. દેશના તમામ વિરોક્ષપક્ષોને વિશ્વાસમાં લઈ રાષ્ટ્રહિતમાં નિર્ણયો કરાય એ જ ઉચિત લેખાશે.

# ત્રીજો દીકરો મારી નોકરી પછી મળતું પેન્શન...



**નવાં કલેવર**

નટવર હેડાઉ

પિનાકીનભાઈ લોકડાઉનને કારમે ઘણા દિવસથી એકલા ઘરમાં રહી કયારેક કોઈ સગાંસબંધી કે મિત્રોના ખબર અંતર પૂછતા હતા. તે પણ ફોનમાં વીડિયોકોનથી દીકરી અને ભાણી સાથે વાતો થતી ત્યારે તે ખુબ ખૂશ થઈ જતા અને ટેકનોલોજીને સલામ કરતા ગદ્‌ગદ્ થઈ જતા.

ઘરની બહાર ફરવા જવાનું તેમજ મોર્નિંગ વૉકમાં જવાનું તેમને બહુ મન થતું. લાઈબ્રેરીમાં જઈ સમય પસાર કરવાનો વિચાર આવતો પણ કોરોનાને કારણે બધું બંધ હતું. અખબાર આવતું થયું હતું તે વાતે નિરાંત હતી. જો કે ટીવી અને અખબારમાં ક્રિકેટ અને ચૂંટણીની જેમ રોજ દરેક શહેર, જિલ્લા, રાજય અને દેશોના કોરોના સંક્રમણના આંકડાઓ જોઈને તેમજ મરણનો વધતો ગ્રાફ જોઈને તે ગભરાવા લાગતા હતા. બેચેન બની જતા. પોતાના મનની વાત કોને કહેવી તે સમજાતું ન હતું. ઘરમાં કામવાળીને છૂટી કરી દીધેલ હોઈ પત્ની આખો દિવસ કામમાં ડુબેલ રહેતા તેથી તેને તો વાત કરવાની ફૂરસત જ ન હતી.

લોકડાઉનમાં થોડાક ધંધા-દુકાનોને છૂટ મળતાં લોકોની અવરજવર વધી હતી. તે સાથે સંક્રમણનો ભય પણ વધ્યો હતો. પણ હવે કોઈકને તો મોઢામોઢ મળીને વાત થશે એ વાતે પિનાકીનભાઈ ખુશ હતા. તે દરમિયાન ટ્રીન... ટ્રીન... ડોરબેલ વાગી. પિનાકીનભાઈ ખુશ થઈ ગયા. છેલ્લા પાંત્રીસ દિવસથી ડોરબેલનો અવાજ સાંભળવા મળ્યો ન હતો. તે ઝપટપ ઊભા થયા અને બારણું ખોલ્યું તો સામે તેમના બાળપણના મિત્ર આતુશોષ દેખાયો. તેમનો ચહેરો ખીલી ઉઠ્યો.

'અરે ! આસુ તું... આટલા દિવસે કયાંથી ભૂલો પડ્યો ?'

'બધું બારણે ઊભો રાખીને જ પુછી લેવું છે.'

'ના... ના... આવ ને અંદર' પિનાકીનભાઈએ તેને અંદર આવવા ઈશારો કર્યો.

'બોલ, કેમ આવવું થયું.'

'જો ભાઈ, હું ભૂલથી નથી આવ્યો કે ભૂલો પણ નથી પડ્યો. આજે વિચાર આવ્યો કે ઘણા દિવસો થયા છે તેથી પિનુને ઘેર જઈને તેના ખબર અંતર પૂછું. બસ તેથી આવી ગયો. પણ કોઈ દેખાતું નથી ? એકલો જ છે કે શું' આશુતોષે જિજ્ઞાસા જાહેર કરી.

'એકલો કયાં છું પત્ની છે ને, આવે છે. છોકરાઓ બધા પોતપોતાના જગાએ છે.'

'એટલે'

'દીકરી તેના ઘરે એટલે કે સાસરામાં છે બંને દીકરાઓમાંથી એક કેનેડા છે એક ભાવનગર છે. બધા પોતપતાની જગ્યાએ સુખી છે. બાકી રહ્યાં અમે બે.'

'દીકરો આવતો નથી?'

'શું જરૂર છે. ત્રીજો દીકરો છે ને?'

ત્રીજો દીકરો ? કોણ ? તારે તો બે જ દીકરા છે ને....'

ત્રીજો દીકરો મારી નોકરી પછી મળતું પેન્શન. નોકરીને દીકરાની જેમ પોષેલી તેથી હાલ દર મહિને પહેલી તારીખે પાંત્રીસ હજાર આપી જાય છે.

'ઓહ !'

જયાં સુધી અમે જીવીશું ત્યાં સુધી આ ત્રીજો દીકરો સાથ નિભાવશે. આ તો એમ કહેવાય કે 'નોકરી કે સાથ ભી નોકરી કે બાદ ભી' ચહેરા પર ખુશીની લાગણી સાથે પિનાકીનભાઈ બોલ્યા, આશુતોષ તેમની સામે જ જોઈ રહ્યો.

# અહોભાવ વ્યક્ત કરવાની સહજ ક્ષણને ચૂકી ન જઈએ



**આવો જીવીએ શાનદાર**

વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

આપણે સૌ જાણીએ છીએ કે રાજ કપૂરની અભિનય શૈલીમાં ચાર્લી ચેપ્લીનની અભિનય શૈલીનો મોટો પ્રભાવ હતો. રાજ સાહેબની હાલ-ચાલ, સંવાદો બોલવાની તેમની છટા, ચહેરાના હાવભાવમાં ચાર્લી સાહેબની અભિનય કલાની છાંટ દેખાતી. ફિલ્મ શ્રી ૪૨૦ નું ગીત "મેરા જૂતા હૈ જાપાની" ગીતમાં તો પહેરવેશ, મેકઅપ અને સંપૂર્ણ હાવભાવ અને છટામાં ચાર્લીજી જ દેખાતા હતા.

વિખ્યાત અભિનેતા દેવ આનંદે પોતાના જીવન વિષે આત્મકથાત્મક એક પુસ્તક લખ્યું છે. એ પુસ્તકનું શિર્ષક છે "રોમાન્સિંગ વિથ લાઈફ." એ પુસ્તકમાં દેવ સાહેબે રાજ સાહેબ તથા ચાર્લીજી વચ્ચે થયેલી એક મુલાકાતનું રસપ્રદ વર્ણન કર્યું છે. એ મુલાકાત દરમ્યાન દેવ સાહેબ પણ સાથે જ હતા. દેવ સાહેબે ચાર્લીજી સાથેની પોતાની એ મુલાકાતને પણ જીવનની એક યાદગાર ક્ષણ તરીકે બિરદાવી છે.

સ્વિટઝરલેન્ડમાં એક ભારતીય ડેલિગેશન ગયેલું. દેવ સાહેબ અને રાજ સાહેબ બંને એ ડેલિગેશનના સભ્યો હતા. એ સમયે ચાર્લીજીના ઘેર બંનેની મુલાકાત થયેલી. અમેરિકન સરકારે ચાર્લીજીને દેશ નિકાલ કરવાનો નિર્ણય લીધો ત્યાર પછી તેઓ અમેરિકા છોડીને સ્વિટઝરલેન્ડનાં મોંટ્રો **(Montreux)** શહેરમાં સ્થાયી થયા હતા. તેમના વિલાનું નામ 'વ્હાઈટ હાઉસ' રાખ્યું હતું.

ચાર્લીજીએ બંને અભિનેતાઓને વ્હાઈટ હાઉસમાં હ્રદયથી આવકાર્યા. દેવ સાહેબનાં વર્ણન પ્રમાણે વિશ્વ સિનેમાની બે મહાન હસ્તીઓ રાજ સાહેબ અને ચાર્લીજી સામસામે આવ્યા એ ક્ષણ પોતાની દ્રુષ્ટીએ મહાન ક્ષણ હતી. એ બન્નેની નજર મળી ત્યારે રાજ સાહેબની આંખોમાં એક અદ્ભુત ચમક દેખાઈ. ચાર્લીજીના વ્યક્તિત્વમાં રાજ સાહેબ જાણે ખોવાઈ ગયા, જાણે તેમના ભગવાને દર્શન દીધા હોય એવા અહોભાવની લાગણી તેમની આંખોમાં જોવા મળી.

ત્રણેય મહાન અભિનેતાઓએ બંગલાના બેકયાર્ડમાં બેઠક જમાવી અને ભારતીય સિનેમા, રંગમંચ અને વિશ્વ સિનેમાની ચર્ચાઓ કરવા લાગ્યા. ત્રણેય વાતોમાં એટલા તલ્લિન થઈ ગયા કે સમય કેમ વિતતો ગયો તેનું ભાન ન રહ્યું. વાતોમાં ને વાતોમાં, ચાર્લીજીના પ્રભાવ હેઠળ રાજ સાહેબ સોફા ઉપરથી પોતાની બેઠક છોડી, ઊભા થઈ, આગળ આવીને ચાર્લીજીના પગ આગળ જઈને ક્યારે બેસી ગયા તેનો પણ કોઈને ખ્યાલ ન રહ્યો. રાજ સાહેબ ચાર્લીજીનાં વ્યક્તિત્વમાં એટલા ખોવાઈ ગયા હતા, એટલા અહોભાવની લાગણીમાં તણાઈ ગયા હતા કે તેઓ સહજ રીતે તેમનાં ચરણોમાં બેસી ગયા. ભારતીય પરંપરા પ્રમાણે ગુરુ-શિષ્યનાં સબંધોમાં શિષ્ય હંમેશા ગુરુનાં ચરણોમાં જઈને બેસતો હોય છે અને પોતાની જ્ઞાનપિપાસા સંતોષતો હોય છે. રાજ સાહેબ અને ચાર્લીજીનાં આ પ્રસંગમાં કદાચ એવું જ બન્યું.

વાતોમાંને વાતોમાં કોઈને સમયનું ભાન ન રહ્યું. ઘડિયાળ સામે જોયું તો ત્રણેક કલાકનો સમય વીતી ગયો હતો. રાજ સાહેબે અને દેવ સાહેબે વિદાય લીધી. ચાર્લીજી કાર સુધી બન્નેને મુકવા ગયા. બંને કારમાં બેઠા. કાર આગળ ચાલી પણ રાજ સાહેબની નજર ચાર્લીજી ઉપરથી હટતી ન હતી. આગળ જઈ કારે વળાંક લીધો ત્યાં સુધી તેઓ ચાર્લીજી તરફ જોતાં રહ્યા. કારે વળાંક લીધો પછી અચાનક રાજ સાહેબે કારની બારીમાથી ડોકું બહાર કાઢ્યું અને જાણે તેમના હૃદયમાંથી અવાજ ઉઠ્યો હોય એમ એક બાળકની જેમ બૂમ પાડીને બોલ્યા "હે મેન, યુ આર જિનિયસ. વી લવ યુ." રાજ સાહેબની ચાર્લીજી પ્રત્યેની લાગણી જોઈને, એ લાગણી વ્યક્ત કરવાની રીત જોઈને દેવ સાહેબ પણ ભાવ વિભોર થઈ ગયા.

રાજ સાહેબનાં તો વિશ્વભરમાં લાખો પ્રશંસકો હતા પણ રાજ સાહેબ કોઈના સાચા પ્રશંસક હોય, કોઈના દિવાના હોય, કોઈના ચાહક હોય તે પહેલીવાર જોયું એવું દેવ સાહેબનું કહેવું છે.

રાજ સાહેબ ચાર્લીજીનાં પ્રશંસક હતા, તેમના ચાહક હતા, દિવાના હતા એટલે જ કદાચ તેમના અભિનયમાં ચાર્લીજીના દર્શન થતાં હતા. એટલે જ કદાચ રાજ સાહેબનો અભિનય નિહાળતા ત્યારે ચાર્લીજી તેમના પંડ્યમાં વસ્યા હોય એવો દર્શકોને અહેસાસ થતો. રાજ સાહેબ તેમને મનથી પોતાના અભિનયગુરુ માનતા હતા એટલે જ કદાચ તેઓ મુલાકત સમયે તેમની સાથે ઓતપ્રોત થઈ ગયા હતા, એકરૂપ બની ગયા હતા.

રાજ સાહેબની જેમ જ આપણે પણ કોઈને કોઈ વ્યક્તિનાં ચાહક હોઈએ છીએ. તેમના પ્રશંસક હોઈએ છીએ. તેમના દિવાના હોઈએ છીએ અને તેમની કાર્યશૈલી કે જીવનશૈલી આપણામાં વણી લીધી હોય છે. તેમનું વ્યક્તિવત્વ આપણાં વર્તન, કાર્યશૈલી અને જીવનશૈલીમાં પ્રતિબિંબિત થતું હોય છે.

આપણે ભલે રાજ સાહેબ જેટલા વિખ્યાત ન હોઈએ. આપણે જેમના પ્રશંસક હોઈએ તે પણ ચાર્લીજી હોય એ જરૂરી નથી. આપણાં કોઈપણ કુટુંબીજન, આપણાં કોઈપણ સ્નેહીજન, આપણાં શિક્ષક, આપણાં સહકર્મચારી, આપણાં મિત્ર કે આપણાં પાડોશી, આ લોકોમાંથી કોઈપણ વ્યક્તિની કાર્યશૈલી કે જીવનશૈલીનાં આપણે ખરા અર્થમાં ચાહક કે પ્રશસંક હોઈ શકીએ. સાચા અર્થમાં જો આપણે તેમને આપણાં કાર્યશૈલી કે જીવનશૈલીનાં આદર્શ માનતા હોઈએ તો તેમના પ્રત્યે આપણેને સહજ અહોભાવ અને સમર્પણભાવ હોય એ સાહજીક છે, સ્વાભાવિક છે અને હોવો જ જોઈએ.

કોઈપણ વ્યક્તિ પ્રત્યેનો અહોભાવ તો સાહજીક જ હોય છે પણ એ સહજ અહોભાવને વ્યક્ત કરવા માટે આપણો અહં આડો આવતો હોય છે. આપણાં અહંને કારણે આપણે સહજ અહોભાવની આપણી લાગણીને મુક્ત રીતે વ્યક્ત કરી શકતા નથી. તેમની સાથે આપણે ઐક્ય અનુભવી શકતા નથી.

દેવ સાહેબની સાક્ષીમાં રાજ સાહેબ અને ચાર્લીજી વચ્ચે સર્જાયેલી એ ક્ષણો જેવી ક્ષણો પણ આપણાં જીવનમાં પણ ક્યારેક આવતી હોય છે. એવી ક્ષણો આવે ત્યારે કદાચ આપણે તેનાથી અજાણ હોઈએ એવું પણ બને. આપણે એવી ક્ષણોને શોધવી પડે, ખોળવી પડે, એ ક્ષણો માટે તકો શોધવી પડે અને એ ક્ષણ પ્રાપ્ત થાય ત્યારે ચૂકી ન જઈએ તેની કાળજી રાખવી પડે, સજાગ રહેવું પડે. પ્રાપ્ત થયેલી એ ક્ષણોને જો ઓળખી લઈએ તો રાજ સાહેબની જેમ આપણાં જીવનની એ ક્ષણો પણ ધન્ય બની જાય.

# કોરોના મહામારી - જીવનશૈલી બદલાવાના યુગનો પ્રારંભ



**જીવન ઉપવન**

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

સમય, સમયનું કામ અવશ્ય કરતો જ હોય છે. કોઈએ કદી પણ કલ્પના કરી ના હોય તેવા દિવસો પૂરા વિશ્વ સમક્ષ આવી ગયા. દુનિયાના તમામ રાષ્ટ્રો આ કોરોના સામે કઈ રીતે સુરક્ષિત રહેવું તેની ઉપાધિ તથા વ્યથામાં ઘાતક વાઈરસની ઝપેટમાં આખું વિશ્વ આવી ગયું અને આ વાઈરસની દવા કે રસી કોઈ પાસે નથી કેમ કે આ વાઈરસ તદ્દન નવો છે. પક્ષી કે અન્ય જીવોમાંથી એ ઉત્પન્ન થયો હોય તેવું લાગતું નથી પરંતુ એ કોઈ લેબોરેટરીમાં તૈયાર કરવમાં આવ્યો હોય એ પ્રકારની માહિતી આવી રહી છે. નજર સામે રાક્ષસ દેખાતો નથી અને તેનું સંક્રમણ થાય પછી પણ સત્વરે ખબર પડતી નથી અથવા જંતુના વાહક માનવીઓ ખુદ અજાણ રહે છે. ત્યારે આ ચેપ ઝડપથી વ્યાપક થઈ ગયો છે !!

ભારતમાં આ વાઈરસની માહિતી મળ્યા બાદ આપણા વડાપ્રધાન મોદી સાહેબે ખુબ યોગ્ય સમયે તેની સામે જંગનું એલાન કર્યું અને પ્રજાને પણ પરિસ્થિતિની ગંભીરતા સમજાઈ એટલે ભારતમાં મહદંશે લોકડાઉનને સુંદર પ્રતિસાદ મળ્યો જેથી ભારત આ મહામારીમાં વિજેતા બની જવા અગ્રેસર થયું છે. દુરદષ્ટિ નેતૃત્વની ઘણી છે જે પ્રસંસનીય છે. તો જે રીતે વહીવટી તંત્ર જેમાં ડૉકટર્સ, નર્સિંગ સ્ટાફ, પ્રસાશનમાં રહેલા સુરક્ષા કર્મી બધાએ સુંદર પ્રભાવક દિલથી ફરજ નિભાવી તેને સો સો સલામ કહેવા પડે પરંતુ આ તબક્કે પ્રજા તરીકે આપણી ઘણી બધી નિષ્ફળતાઓ જોવા મળી છે. જેના લીધે પરિણામ નિર્ધારિત લાવવામાં વિઘ્નો નડતા હોય તેવું જોવા મળેલ છે. શિસ્ત સંયમ અને સરકારી આદેશોનું પાલન જો કરવામાં કચાશ રહેશે તો આ મહામારીમાં સ્વ બચાવ અને રાષ્ટ્ર બચાવમાં ખુબ જ મુશ્કેલી પડી શકે છે. પોતાના અને પરિવારના ભલા માટે અહીં વ્યસની લોકો પણ રઘવાયા થઈ નિયમોનું પાલન કરી રહ્યા નથી એ અત્યંત દુઃખદ બાબત જોવા મળી છે. જે દર્દની દવા હજી ઉપલબ્ધ નથી તેવી હકીકત જાણ્યા બાદ પણ લોકો સામાજિક અતંર જાળવતા નથી એ ઘાતક દિવસોની નિશાની છે. પ્રશાસન તથા તંત્ર ચોક્કસ રીતે તેનું કાર્ય કરે છે. ત્યારે નાગરિક ધર્મની કમી આપણા ભાવિને અતિ હાનિ કરી શકે છે. આજ સુધીમાં ઘણા વાઈરસો વિશ્વમાં આવી ગયા પરંતુ આ તદ્દન નવિન બાબત હોવાથી ધીરજ રાખી પારસ્પરિક ઐક્ય દેખાડવાના દિવસો છે. હવે ભૂતકાળના દિવસો અને જીવનશૈલીમાં પરિવર્તનનો તબક્કો શરૂ થઈ રહ્યો છે! સમય જતા નવી જીવન પદ્ધતિમાં બધા ગોઠવાઈ જશે અને ત્યારે કંઈ આપત્તિકારક જણાશે નહીં. પરિવર્તન એ જગતનો સનાતન નિયમ છે. લોકડાઉનથી ફાયદાઓ થઈ રહ્યા છે તો બીજી તરફ આર્થિક પાયમાલીનો અંદાજ પણ પીડા ઉપજાવે તેવો છે.

લોકડાઉનમાં પરિવારનું મૂલ્ય સમજાયું છે તો હવે પછી સ્વચ્છતા અને શિસ્તના ગુણો ઉપર જ જીવન અસ્તિત્વ ટકી શકશે. સરકારે ગરીબો મટે શક્ય એટલી સહાય કરી છે તો બીજી તરફ લોકો દ્વારા સેવાકીય પ્રવૃત્તિઓ પુષ્કળ થઈ રહી છે. મોટા ઔદ્યોગિક ગૃહો તરફથી ઘણું દાન આપવામાં આવી રહ્યું છે. ભારતની વસ્તીના પ્રમાણમાં કોરોનામાં આપણી હાનિ ઘણી અંકુશિત છે. હવે કોરોનાના વાઈરસ શોધનારા કે બનાવનાર તત્ત્વો કે દેશને વિશ્વ પાઠ ભણાવશે એ નક્કી છે. પરંતુ હાલ તો લડાઈ આ સૂક્ષ્મ છતા ઘાતક વાઈરસ સામે ચાલી રહી છે. ભારતના લોકોની રોગ પ્રતિકારશક્તિ તુલનાત્મક રીતે બહુ હોવાથી નુકશાન કમ રહ્યું છે તે નક્કર બાબત છે. સમયોચિત પગલાઓ પ્રશાસન લઈ રહ્યું છે એ ઉમદા હકીકત છે જેને વિશ્વ આરોગ્ય સંગઠન પણ બિરદાવે છે. નેતૃત્વ જયારે નીજી સ્વાર્થથી દૂર હોય અને રાષ્ટ્રને પરિવાર ગણીને ચિંતા સેવે ત્યારે પ્રજાની નિષ્ઠા અને કર્તવ્ય પાલન પરિણામ બદલાવી શકે છે.

સરકાર સામે પડકારો અનેક છે. કૃષિ, નાના વેપાર-ઉદ્યોગો, કારીગરો, સ્વરોજગારવાળા લોકો, સેવાકીય પ્રવૃત્તિવાળા ધંધા આ બધાનું ધ્યાન રાખવાનું હોય છે. રોજ લાખો રુપિયાનું નુકશાન થઈ રહ્યું છે. છતાં લોકડાઉન રાખવું ઉચિત માત્ર એટલા માટે છે કે પ્રજાની જીવંત રાખવાની અગ્રતા સૌથી ટોચ ઉપર છે. આ એક પ્રકારનું યુદ્ધ જ છે એ લોકો એ સમજી લેવું પડે. ચીન હવે પતન તરફ જશે એ નક્કી છે. જગતના સુપર પાવર દેશો હાલ તો બેહાલ થઈ ગયા છે ! સમય બડા હોતા હૈ ઔર વો બદલતા જરૂર હૈ - આ દિવસો પણ જતા રહેશે. જલન માતરીનો એક સુંદર શેર છે.

મટે કેમ ના રોગ શોધો ભલા,
જો પીડા હશે તો દવા પણ હશે.

કોરોના ગયા બાદ નોકરીઓ જાળવવી અઘરી થઈ જશે. અર્થતંત્રને પાટા ઉપર ચડાવવા પુષ્કળ પરિશ્રમ જોઈશે. જીવનના હિસ્સા તરીકે કોરોના સમાજમાં રહેવાની ધારણા છે માટે સરકારાત્મક વિચારધારા રાખીને બધાને સુખી જોવા જીવવા પ્રતિજ્ઞા લેવી જ પડશે. અનુપાલન અને ધર્મથી બાજી જીતી જ જઈશું.

**શેર આસ્વાદ :**

**મોતનો વાયરો**
**આજે અહીં એવો ચાલ્યો છે**
**જાણે શ્વાસ નો વેપારી**
**ઉઘરાણી એ આવ્યો છે...**